શાકભાજીના ભાવ

ભુજ માર્કેટયાર્ડ
(એક કિલોના જથ્થાબંધ ભાવ)

ડુંગળી	૩૦ થી ૩૮
બટાટા	૨૫ થી ૩૦
ટમેટાં	૨૦ થી ૩૦
લીલી ડુંગળી	૨૦ થી ૩૦
મરચાં	૧૦ થી ૪૦
રીંગણાં ક્રાળા	૩ થી ૧૫
રીંગણાં બાજરિયા	૧૦ થી ૨૫
કોબી	૧૦ થી ૩૦
ફુલાવર	૨૦ થી ૪૦
વટાણા	૧૫૦ થી ૧૮૦
પાણા	૩૦ થી ૩૦
ભીંડા	૧૦ થી ૩૦
કાકડી	૫ થી ૩૦
પાલક	૧૦ થી ૨૦
લસણ સૂકું	૧૫૦ થી ૨૦૦
લીંબુ	૧૫ થી ૫૦
ગાજર	૧૫ થી ૨૫
દૂધી	૩ થી ૧૦
આદુ	૫૦ થી ૩૦
કારેલાં	૧૫ થી ૩૦
ચોળા	૧૦ થી ૩૦
ગિલોડા	૪૦ થી ૫૦
મરચાં સિમલા	૪૦ થી ૫૦
ગોવાર	૨૫ થી ૩૦
ગિલોડી	૧૫ થી ૪૦
મેથી	૪૦ થી ૬૦
કેળાં કાચાં	૫ થી ૧૫
કેળાં પાકાં	૧૮ થી ૨૦
પપૈયા કાચા	૧૦ થી ૨૦
પપૈયા પાકા	૨૦ થી ૩૫
જામફળ	૩૦ થી ૬૦
ચીકુ	૧૫ થી ૨૫
સફરજેટી	૧૫ થી ૩૦
ગલકાં	૫ થી ૨૦
કાળુ	૧૦ થી ૧૫
પરવળ	૪૦ થી ૬૦
સરગવો	૯૦ થી ૧૦૦
ભગાકી	૮૦ થી ૧૦૦
દાડમ	૧૦ થી ૩૦
ક્વીનિર	૫ થી ૧૫
બીટ	૨૦ થી ૨૫

અંજાર માર્કેટયાર્ડ
(એક કિલોના જથ્થાબંધ ભાવ)

બટાટા	૨૮ થી ૩૦
ડુંગળી	૩૦ થી ૩૫
ટમેટાં	૩૦ થી ૪૦
રીંગણા	૨૫ થી ૩૦
ક્રોબી	૨૦ થી ૨૫
ફલાવર	૩૦ થી ૪૦
ભીંડા	૧૫ થી ૨૦
ચોળા	૧૫ થી ૪૦
ગોવાર	૬૦ થી ૭૦
ગિલોડા	૩૦ થી ૪૦
ગિલોડી	૨૦ થી ૨૫
દૂધી	૮ થી ૧૨
કારેલાં	૧૦ થી ૨૦
પાણા	૨૦ થી ૨૫
મેથી	૨૦ થી ૩૦
પાલક	૨૦ થી ૩૦
મરચાં	૨૦ થી ૪૦
આદુ	૫૦ થી ૬૦
લસણ	૧૫૦ થી ૨૦૦
કાકડી	૫ થી ૧૫
દાડમ	૧૦ થી ૫૦
કેળા	૨૦ થી ૩૦
વીંટુ	૨૦ થી ૩૦
પપૈયા કાચા	૨૦ થી ૩૦
જામફળ	૫૦ થી ૬૦
મોસંબી	૪૦ થી ૬૦
વટાણા	૮૦૦ થી ૧૦૦
સકરિયા	૩૦ થી ૮૦
સરગવો	૬૦ થી ૭૦
લીંબુ	૩૦ થી ૪૦
ગલકા	૧૦ થી ૧૫
ટીનસા	૧૫ થી ૨૦

રાજકોટના છેલ્લા ભાવ

સીંગતેલ લૂઝ ૧૦ કિ.ગ્રા	૧૫૨૫
તલિયા ટીન જૂના	૨૩૭૫ થી ૨૩૭૬
કપાસિયા વોસ	૯૨૦ થી ૯૨૫
પામતેલ	૯૦૦ થી ૯૦૫
સોયાબીન તેલ	૯૧૦
સોનું સ્ટાન્ડર્ડ	૭૨,૯૦૦
રાજકોટ ચાંદી	૮૨,૫૦૦
મગફળી જાડી	૧૨૩૦ થી ૧૨૪૦
મગફળી ઝીણી	૧૨૭૦ થી ૧૨૮૦
ખાંડ એસ	૪૦૩૦ થી ૪૧૦૦
ખાંડ એમ	૪૧૫૦ થી ૪૨૦૦

હેજફંડોની ખરીદીએ સોના-ચાંદીમાં ધીમો સુધારો યથાવત

સીંગતેલ મજબૂત, સાઈડ તેલોમાં મિશ્ર વલણ : મલેશિયન પામ વાયદો ઘટ્યો : અરેડા-દિવેલમાં સાંકડી વધઘટ : ખાંડ સ્થિર

ભુજ, તા. ૧૬ : ઈરાન-ઇઝરાયલ અને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધની યથાવત સ્થિતિ વચ્ચે કોઈ નિર્ણય ન આવતાં હેજફંડોની ચાલુ રહેલી સટ્ટાકીય ખરીદીએ સોના-ચાંદીમાં વધારો ચાલુ રહ્યો હતો, સીંગતેલમાં ડબે રૂા. ૧૦ વધ્યા હતા, તો પામોલીનમાં ૩૫ ઘટ્યા હતા, અન્ય સાઈડ તેલો સ્થિર રહ્યા હતા, મલેશિયન પામ નવેમ્બર વાયદામાં આજે ૧૬ રિંગિટનો ઘટાડો થયો હતો, આજે ફરી પીઠાઓમાં આવકો વધતાં અરેડા વાયદામાં નજીવો સુધારો થયો હતો, હાજરમાં સાંકડી વધઘટ થઈ હતી, દિવેલમાંયે ટ્રેલું વલણ રહ્યું હતું, ખાંડના ભાવો સ્થિર રહ્યા હતા.

સ્થાનિક બજારમાં સીંગતેલ ૧૫ લિટરના રૂા. ૨૪૭૫, જ્યારે પંદર કિલોના રૂા. ૨૭૦૫, કપાસિયાના પંદર કિલોના રૂા. ૧૬૩૫/૧૮૨૫ પંદર લિટરના ૧૫૦૫/૧૬૯૫, સોયાબીન રૂા. ૧૬૮૦, પામોલીનના રૂા. ૧૫૨૦, સૂરજમુખી રૂા. ૧૫૬૦/૧૬૪૦ અને મકાઈ તેલના રૂા. ૧૫૮૦/૧૬૮૦ રહ્યા હતા.

રાજકોટ ખાતે સીંગતેલ લૂઝ રૂા. ૧૫૨૫ના ભાવે ૧૦-૧૫ ડે-ડરના કામકાજ થયા હતા, જ્યારે કપાસિયા વોશ-ાા રૂા. ૯૨૦/૯૨૫ના ભાવ સાથે ૧૫-૨૦ ગાડીની ખપત રહી હતી, પામતેલ રૂા. ૯૦૦/૯૦૫, સોયાબીનના રૂા. ૯૧૦ થયા હતા.

ધોરાજી-ઉપલેટા તેલિયા ટીનના રૂા. ૨૩૭૫/૨૩૭૮ હતા, તો ગોંડલ લૂઝ ૧૯૯-ા રૂા. ૧૫૨૫, કપાસિયા વોશના રૂા. ૯૧૦/૯૧૫ તથા સીંગખોળના રૂા. ૨૩,૦૦૦/૨૩,૫૦૦ના ભાવ હતા. મલેશિયન પામ ઓઈલ નવેમ્બર વાયદામાં આજે ૧૬ રિંગિટનો ઘટાડો થઈ ૩૬૮૦ થયો હતો.

અરેડા

આજે ફરી પીઠાઓમાં આવકો વધતાં અરેડા વાયદામાં નજીવો સુધારો થયો હતો, હાજરમાં સાંકડી વધઘટ થઈ હતી, દિવેલમાંયે ટ્રેલું વલણ રહ્યું હતું.

સપ્ટેમ્બર વાયદો ખુલી ૬૨૩૧ થયી ૬૨૫૦, ઘટી ૬૨૦૨ અને રૂા. બેનો નજીવો ઘટાડો થઈ બંધ ૬૨૩૦ થયો હતો.

સૌરાષ્ટ્રના પીઠાઓમા ૧૩૦૦-૧૪૦૦ ગુણીની આવકે ભાવ રૂા. ૧૧૫૦/૧૧૮૬ જ્યારે ગુજરાતના પીઠાઓમાં ૪૩-૪૫ હજાર ગુણીની આવકે ભાવ રૂા. ૧૧૮૦/૧૨૦૦ના ભાવ હતા.

જગાણા પ્લાન્ટ પહોંચના રૂા. ૧૨૩૫, કડી રૂા. ૧૨૩૭, શાપુર અને ગિરનારના રૂા. ૧૨૨૫/૧૨૩૦-ના ભાવ હતા. જ્યારે કડલા પહોંચના રૂા. ૧૨૩૦/૧૨૩૨ના ભાવ હતા. ખોળના ભાવ રૂા. ૧૨,૦૦૦ અને ડીઓશીના રૂા. ૭૪૦૦ના ભાવ હતા, દિવેલના ૧૨૩૭/૧૨૩૮ના ભાવે ૨૦૦-૩૦૦ ટનના કામકાજ થયા હતા.

ગાંધીધામ ખાતે અરેડા હાજરના ભાવ રૂા. ૧૨૨૮/૧૨૩૦ સાથે ૧૪ હજાર ગુણીના વેપાર હતા.

ખાંડ

સ્થાનિક બજારમાં ખાંડ એસના રૂા. ૪૦૩૦/૪૧૧૦ તથા એમના રૂા. ૪૧૭૦/૪૨૭૦-ના ભાવ હતા, બજારમાં એક ગાડીની આવક હતી.

ગુજરાતમાં ૨૦ હજાર ગુણીના વેચાણે જૂની એમના રૂા. ૩૭૮૧ અને નવી અંસના રૂા. ૩૬૭૧ જીએસટી વગરના તેમજ મહારાષ્ટ્રમાં ૩૦ હજાર ગુણીના વેચાણે અંસના રૂા. ૩૫૮૦/૩૬૪૦ તથા એમના રૂા. ૩૭૧૦/૩૮૦૦-ના ભાવ હતા.

સોના-ચાંદી

ઈરાન-ઇઝરાયલ અને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધની યથાવત સ્થિતિ વચ્ચે કોઈ નિર્ણય ન આવતાં હેજફંડોની ચાલુ રહેલી સટ્ટાકીય ખરીદીએ સો-ાા-ચાંદીમાં વધારો ચાલુ રહ્યો હતો.

આજે ન્યૂયોર્ક સોનું ૨૪૮૬ ડોલર અને ચાંદી ૨૮.૩૦ રનિંગ ભાવ રહ્યા હતા, રૂપિયો ૮૩.૯૨ રહ્યો હતો

સ્થાનિક બુલિયન બજારમાં દસ ગ્રામ સોનું ૯૯૯-ના ભાવોમાં વધુ રૂા. ૨૫૦નો ઉછાળો થઈ ૭૩,૪૫૦ રહ્યા હતા, તો ચાંદીમાં રૂા. ૬૦૦ વધી ૮૨,૩૦૦-ના ભાવ રહ્યા હતા.

વિદેશી હૂંડિયામણ

કરન્સી નોટ

ખરીદ/વેચાણ

ડોલર	પાઉન્ડ
૮૨.૧૫/૮૫.૧૫	૧૦૪.૮૫/૧૧૦.૭૫

ટી.ટી.

ખરીદ/વેચાણ

ડોલર	પાઉન્ડ
૮૩.૧૯/૮૪.૬૯	૧૦૬.૪૫/૧૦૯.૬૫

સૌ. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એન.આર.આઈ. બ્રાંચ, ભુજ.

₹ વ્યાપાર વર્તમાન

૧૬-૦૮-૨૦૨૪
કચ્છ બુલિયન ફોરેશન
(સાંજે ૬ વાગ્યા પછી)

ચાંદી (ચારસો) ૧ કિલો ૮૨,૩૦૦
સોનું ૧૦૦ ગ્રામ બિસ્કિટ (૯૯૯)
૭,૩૪,૫૦૦
૯૧૬ HM ઢાળીના (દસ ગ્રામ)
૬૯,૭૮૦
૮૩૦ HM ઢાળીના (દસ ગ્રામ)
૬૬,૧૦૦
૭૫૦ HM ઢાળીના (દસ ગ્રામ)
૬૦,૨૩૦

કચ્છ સોનાચાંદી મહામંડળ
ચાંદી (૯૯૯) ૧ કિલો ૮૨,૨૦૦
સોનું ૧૦૦ ગ્રામ બિસ્કિટ (૯૯૯)
૭,૩૫,૦૦૦
૯૧૬ HM ઢાળીના (દસ ગ્રામ)
૭૧,૪૮૦
૮૩૩ HM ઢાળીના (દસ ગ્રામ)
૬૭,૬૨૦
૭૫૦ HM ઢાળીના (દસ ગ્રામ)
૬૧,૦૦૦

ભુજ સ્થાનિક બજાર (૧૦૦ કિ.)

ઘઉં	૩૨૦૦ થી ૪૪૫૦
બાજરી	૨૬૦૦ થી ૨૮૦૦
ચોખા પરિમલ	૩૦૦૦
ચોખાબેંગમી	૩૦૫૦ થી ૪૨૦૦
ચોખા જીરાસર	૪૭૦૦ થી ૭૦૦૦
મગ	૯૨૦૦ થી ૧૧,૦૦૦
મગકાડા	૯૩૫૦ થી ૯૭૦૦
મોગરદાળ	૧૦,૧૦૦ થી ૧૦,૮૦૦
તુવેરદાળ	૧૫,૫૦૦ થી ૧૭,૧૦૦
તુવરદાળ ટીંટોડી (એક કિલોના)	૧૮૬ થી ૧૯૮
ચણાદાળ	૯૧૦૦ થી ૯૪૦૦
અડદદાળ	૧૨,૪૦૦ થી ૧૩,૨૦૦
ખાંડ ક્રા એસ	૪૦૭૦ થી ૪૧૧૦
ખાંડ એમ.	૪૧૭૦ થી ૪૨૭૦

ટીનના ભાવ GST સહિત

સીંગતેલ ૧૫ લિટર	૨૪૭૫
સીંગતેલ પંદર કિલો	૨૭૦૫
વેજિટેબલ ૧૫ કે.	૧૬૮૦ થી ૧૭૮૦
કપાસિયા તલ ૧૫ લિટર	૧૫૦૫ થી ૧૬૯૫
કપાસિયા તલ ૧૫ કે.	૧૬૩૫ થી ૧૮૨૫
કોપરેલ તલ ૧૫ કિલો	૨૭૫૦
સોયાબીન	૧૫૨૦
પામોલીન	૧૫૫૫
સુરજમુખી	૧૫૬૦ થી ૧૬૪૦
મકાઈ તેલ	૧૫૯૦ થી ૧૬૮૦

૨૦ કિલોના ભાવ

કોલ્હાપુર ગોળ	૯૪૦ થી ૯૯૦
યુ.પી. ભીલી	૮૭૦ થી ૯૦૦

એક ગુણીના ભાવ

ભૂસાં ઝીણાં	૧૦૦૦ થી ૧૨૮૦
ક્રપા. ખોળ ૫૦ કિલો	૧૮૦૦ થી ૧૯૫૦
બેસન ૫૦ કિલો	૪૧૦૦ થી ૫૬૦૦

ભુજ માર્કેટ યાર્ડ
૧૦૦ કિલોના ભાવ

ગોવાર	૪૬૮૦ થી ૫૦૦૦
વરિયાળી	૫૦૦૦ થી ૫૫૦૦

૪૦ કિલોના ભાવ

એરંડા	૨૩૬૦ થી ૨૩૯૫
ઘાણા	૧૮૦૦ થી ૨૨૦૦
તલી	૪૫૦૦ થી ૪૬૨૫

અંજાર માર્કેટ યાર્ડ
૧૦૦ કિલોના ભાવ

ગોવાર	૪૮૦૦
વરિયાળી	૪૪૦૦ થી ૫૭૦૦

૪૦ કિલોના ભાવ

એરંડા	૨૩૦૦ થી ૨૩૮૭
જીરું	૮૮૦૦ થી ૯૨૦૦
તલી	૪૦૦૦ થી ૪૩૯૯

ગાંધીધામ એરંડા બિલ્ટી

એરંડા	૧૨૩૦
દિવેલ	૧૨૩૭ થી ૧૨૩૮

ભચાઉ માર્કેટ યાર્ડ
૨૦ કિલોના ભાવ

ચેરડા	૧૧૬૦ થી ૧૨૦૪
ગોવાર	૯૫૧ થી ૯૬.૭
સાખજરૂં	૪૫૮૦ થી ૪૬૨૧
વરિયાળી	૯૯૦ થી ૧૦૬૦

રાપર માર્કેટ યાર્ડ
૨૦ કિલોના ભાવ

જીરું	૪૦૦૦ થી ૪૬૩૩
એરંડા	૧૧૧૬
મગ	૧૨૫૧ થી ૧૪૧૧

જામનગર

મગફળી	૧૨૨૦ થી ૧૨૮૦
સીંગખોળ	૨૧,૫૦૦ થી ૨૨,૦૦૦
સીંગતેલ લૂઝ	૧૫૨૫

મગફળીમા ગુણીના કામકાજ હતા.

જૂનાગઢ મગફળી

પિલાણબજર	૨૨,૩૦૦
નવી જી-૭૦	૨૫,૭૦૦
નવી જી-૨૦	૨૬,૨૦૦
ટી.જે. ૩૭	૨૪,૨૦૦
સીંગખોળ	૨૩,૦૦૦

મગફળીમા ત્રણ હજાર ગુણીના કામકાજ હતા.

સુરેન્દ્રનગર

કલ્યાણ ગોસ્ટ્રી	૪૦,૦૦૦
સકર ગાસ્ટ્રી	૫૬,૫૦૦
કપાસિયા સંકર	૭૭૦
કપાસિયા કલ્યાણ	૮૨૦
નવો કપાસિયા ખોળ ૫૦ કિલો	૧૭૫૦
નવો કપાસિયા ખોળ ૬૦ કિલો	૨૦૫૦

ખાંડ

મહારાષ્ટ્રમાં ૩૦ હજાર ગુણીના વેચાણની ધારણા	
ખાંડ અંસના	૩૮૫૦ થી ૩૬૪૦
ખાંડ એમના	૩૯૧૦ થી ૩૮૦૦

મુંબઈ અરેડા

અરેડા હાજર	-
દિવેલ	૧૨૪૮

ઉત્તર ગુજરાતના બજારભાવ
૨૦ કિલોના ભાવ

હારીજ

રાયડો	૧૦૨૫
એરંડા	૧૧૯૦ થી ૧૨૦૮
છાસ્ટા	૭૪૫
બાજરી	૪૧૧ થી ૪૩૪
ઘઉં	૫૦૦ થી ૫૪૧
ગવાર	૯૦૯
ચણા	૧૧૮૦ થી ૧૪૫૧
સુવા	૧૩૬૦ થી ૧૦૦૦
જીરું	૪૨૫૦ થી ૪૭૬૧
ઈસબગુલ	૨૧૦૦ થી ૨૩૬૧
વરિયાળી	૧૧૦૦ થી ૧૧૩૧
અજમો	૨૪૦૦ થી ૨૬૫૦

પાટણ

જીરું	૪૧૫૦ થી ૪૪૩૦
વરિયાળી	૧૯૦૦ થી ૨૩૬૦
સુવા	૧૨૫૦ થી ૧૬૬૦
મેથી	૧૦૫૦
સુવા	૧૨૫૦ થી ૧૬૬૦
રાયડો	૯૮૦ થી ૧૧૧૯
એરંડા	૧૧૭૫ થી ૧૨૧૫
અજમો	૧૨૫૦ થી ૧૦૦૦
ઘઉં	૫૨૫ થી ૫૭૪
ગુવાર	૯૦૦
બાજરી	૪૪૫ થી ૫૧૭
રજકો	૩૫૦૦ થી ૫૨૫૨
ચીકુડી	૧૯૦૦ થી ૨૦૪૧
ગવાર	૭૫૧ થી ૯૮૮

રાધનપુર

ઘઉં	૪૯૦ થી ૫૯૫
બાજરી	૪૨૧ થી ૪૬૬
એરંડા	૧૧૭૦ થી ૧૨૦૦
જીરું	૩૮૪૦ થી ૪૮૪૫
રાયડો	૧૦૦૦ થી ૧૦૫૦
ઈસબગુલ	૨૧૦૦ થી ૨૫૯૦
સુવા	૧૩૦૦ થી ૧૭૦૧
વરિયાળી	૧૧૦૦ થી ૧૧૨૦
અજમો	૧૩૦૦ થી ૨૭૬૦

મહેસાણા

ઘઉં	૪૦૧ થી ૫૬૫
જુવાર	૮૦૦ થી ૯૩૭
બાજરી	૪૩૦ થી ૪૭૦
વરિયાળી	૧૦૬૦ થી ૧૧૪૫
એરંડા	૧૧૦૦ થી ૧૨૦૨
રાયડો	૯૫૦ થી ૧૦૮૪
ગવાર	૮૦૦
સવા	૧૪૦૦ થી ૧૬૮૬
અજમો	૮૫૦ થી ૧૫૭૫
રજકા બી	૪૬૨૫ થી ૫૪૫૦

ઊંઝા

જીરું	૪૦૫૦ થી ૫૦૨૦
વરિયાળી	૧૦૦૦ થી ૩૦૫૫
ઈસબગુલ	૨૩૦૦ થી ૨૩૪૦
રાયડો	૯૭૧ થી ૧૦૪૬
તલ	૧૭૫૧ થી ૨૬૦૦
સુવા	૧૧૧૦ થી ૧૭૩૫
અજમો	૧૮૭૦ થી ૨૮૩૫

પાલનપુર

ઘઉં	૫૦૮ થી ૫૫૧
જુવાર	૬૩૦ થી ૧૦૧૦
બાજરી	૪૩૦ થી ૪૮૧
એરંડા	૧૧૬૦ થી ૧૨૦૦
રાજગરો	૧૨૨૧ થી ૧૩૬૮
મગફળી	૭૦૦ થી ૧૧૨૧

ડીસા

એરંડા	૧૧૮૫ થી ૧૧૯૮
રાયડો	૯૮૫ થી ૧૦૪૧
મગફળી	૭૦૦ થી ૧૨૫૧
ઘઉં	૫૦૩ થી ૫૭૦
બાજરી	૪૬૩ થી ૫૪૧
રાજગરો	૧૧૩૦ થી ૧૩૬૮

વારાહી માર્કેટયાર્ડ

જીરું	૪૦૦૦ થી ૪૭૫૧
એરંડા	૧૧૭૦ થી ૧૧૯૦
સુવા	૧૪૩૦ થી ૧૬૫૧
ઈસબગુલ	૧૫૫૦ થી ૨૪૦૦
અજમો	૧૦૦૧ થી ૨૪૫૧

જોટાણા માર્કેટયાર્ડ

ઘઉં	૪૬૫
એરંડા	૧૧૭૧ થી ૧૧૮૫
ચીકુડી	૨૪૭૬

અટડામાં પોલીસ ટુકડી પર હુમલામાં તમામ નિર્દોષ : માંડવી પેરાગ્લાઇડિંગમાં જામીન

ભુજ, તા. ૧૫ : લખપત તાલુકાના અટડા ગામે જુગાર અન્વયે દરોડો પાડવા ગયેલી પોલીસ ટુકડી ઉપર જીવલેણ હુમલો કરવાના ઓગષ્ટ ૨૦૧૬માં નોંધાયેલા કેસમાં લાભુભા સંગ્રામજી સોઢા, મેઘરાજજી પ્રતાપજી સોઢા, રવાજી લાલજી સોઢા, રામસંગજી સોઢા અને તેજમાલજી ડાડુજી સોઢા સહિતના તમામ આરોપીને અદાલતે નિર્દોષ ઠેરવતો ચુકાદો આપ્યો હતો. તો બીજીબાજુ માંડવી શહેરના દરિયાકાંઠે બનેલા પેરાગ્લાઇડીંગના જીવલેણ કિસ્સામાં આરોપી બોલ્ગાર ડકીંગ ઉર્ફે જીનભાવો ભચુ આગરીયાને કોર્ટએ જામીન આપ્યા હતા.

દવાપર પોલીસ મથકની ટુકડી પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન અટડા ગામે સોઢાવાસમાં જુગારનો દરોડો પડાયો હતો. આ સમયે આ પોલીસ ટુકડી ઉપર હત્યાના પ્રયાસ અને સરકારી વાહનમાં તોડફોડ સહિતનો હુમલો કરાયાનો ગુનો દાખલ કરાયો હતો. જિલ્લા કોર્ટ તરફ મુકાયેલા આ કેસની સુનાવણી અત્રેના આઠમા અધિક સેશન્સ જજ એસ.એમ. કાનાબારની કોર્ટ સમક્ષ થઇ હતી. ૧૨ સાક્ષી અને બાવીસ દસ્તાવેજ પુરાવા તપાસી તમામ આરોપીને નિર્દોષ ઠેરવતો ચુકાદો અપાયો હતો.

આ કેસમાં આરોપીઓ વતી વકીલ તરીકે અત્રેના વરિષ્ઠ ધારાશાસ્ત્રી હેમસિંહ સી. ચૌધરી સાથે દિપક ઠક્કર ભાઈ, કુલદિપ મહેતા, ગણેશદાન ગઢવી, જીજ્ઞેશ લખતરીયા, દેવરાજ કે. ગઢવી, હેતલ ઇવે, નરેશ ચૌધરી અને પ્રશાંત પુજારા રહ્યા હતા.

જ્યારે માંડવી બીચ ખાતે બનેલા પેરાગ્લાઇડીંગ અકસ્માત કેસમાં મૃત્યુ થવાના કિસ્સામાં પાંચ આરોપી સામે ગુનો દાખલ કરાયો હતો. આરોપીઓ પૈકી-ા મોહમદ રફીક ઉર્ફે જીનભાવો માટે જિલ્લા કોર્ટ સમક્ષ જામીન અરજી મુકાઇ હતી. પુરાવા અને દલીલો ધ્યાને રાખીને જામીન મંજુર કરતો આદેશ કરાયો હતા. કેસમાં આરોપીના વકીલ તરીકે વિપુલ ડી. કનૈયા, સફદબીન આરબ, મહેશ એસ. સીજુ અને સદ્દામ જુણેજા રહયા હતા.

મહિલા આરોપીને જામીન

ભુજ તાલુકામાં માનકુવા પોલીસ ચથકમાં દાખલ થયેલા લોન અપાવી દેવાના બહાને ઠગાઇના ખોટા દસ્તાવેજ બનાવવા સહિતના આરોપવાળા કેસમાં મહિલા આરોપી ભુજના અંકિતાબેન મયંકભાઇ ધોકાકાને જામીનમુક્તિ અપાઇ હતી. અત્રેના સાતમા અધિક સેશન્સ જજ એન.એ. પંડયા સમક્ષ આ જામીન અરજીની સુનાવણી થઇ હતી બન્ને પક્ષને સાંભળી, જરૂરી આધાર પુરાવા તપાસી તેમણે જામીન આપતો આદેશ કર્યો હતો. આરોપીના વકીલ તરીકે સંદિપ કે. શાહ, મહેશ પુરુશીયા, અજય માહેશ્વરી, નિરા શાહ, સતિષ બુધ્ધભટ્ટી અને મોહન ગોહિલ રહયા હતા.

રાજયસાતનો હુકમ રદ

બેઝ ઓઇલ પકડાવાના અંજાર પોલીસ મથકમાં દાખલ થયેલા કેસમાં રૂા. સાડા અઢાર લાખનો જથ્થો રાજયસાત કરવાના જિલ્લા કલેક્ટરના હુકમને ભુજ અને ભચાઉની અદાલતે રદ કર્યો હતો. અંકિત કોલ કેરિયર ઉપરાંત પીત રોલેઝના સંગાલક જગદિશ નારાણજી ગઢવી દ્વારા આ બન્ને હુકમને પડકારાયા હતા. ભુજ ખાતે ભચાઉ કોર્ટ દ્વારા કલેક્ટરે-ા બન્ને હુકમ રદ કરતો અને જથ્થો અરજદારોને પરત સોંપવાનો આદેશ કરાયો હતો. બન્ને કેસમાં અરજદારોના વકીલ તરીકે અમિત એ. ઠક્કર સાથે હરેશ કાઠવા અને પ્રશાંત મકવાણા રહયા હતા.

ગોધરા જમીન કેસમાં સ્ટે

માંડવી તાલુકાના ગોધરા ગામે સર્વે નંબર ૧૮૩ ખાતે આવેલી જમીન બાબતે પાડવામાં આવેલી નોંધના કેસમાં નાયબ કલેક્ટરના હુકમ સામે કલેક્ટર સમક્ષ અપીલ ગોપરા વેરશલ સમાજ દ્વારા કરાઇ હતી. જેને મંજુર કરાઇ હતી. કલેક્ટર દ્વારા કેસે નાયબ કલેક્ટર સમક્ષ રિમાન્ડ કરાયો હતો. તો આખરી નિર્ણય સુધી મિલ્કતની યથાસ્થિતિનો હુકમ કરાયો હતો. કેસમાં અરજદારના વકીલ તરીકે રાજેશ માણેકભાઇ ગઢવી અને વી. કે. ગાબી રહયા હતા

મનાઇહુકમનો દાવો મંજૂર

રાપર તાલુકાના ગેડી ગામે સર્વે નંબર ૧૯૪૮ ખાતેની મિલ્કત બાબતે નશાભાઇ ગેલાભાઇ ચૌધરી દ્વારા રાધુભાઇ હમીરભાઇના વારસદારો સામે કાયમી મનાઇહુકમ માટે દાવો કરાયો હતો. રાપરના અધિક સિવિલ જજ શ્રી ગેહલોતે આ દાવો મંજૂર કરતો હુકમ કર્યો હતો અને કાયમી મનાઇહુકમનો આદેશ કર્યો હતો. કેસમાં વાદીના વકીલ તરીકે રાપરના વરિષ્ઠ ધારાશાસ્ત્રી આઇ.ડી. ગઢવી અને મહેશ આઇ. ગઢવી રહયા હતા.

છેલ્લા પાનાથી

મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ

૧૯૯ ગામમાં ડ્રોન વડે માપણી ગામતળ વિસ્તારમાં પૂર્ણ થઇ ગઇ છે, ૧૯૦ ગામ પ્રગતિ હેઠળ છે.

૨૬૬ ગામના નકશા સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા બનાવવામાં આવ્યા હતા તેના આધારે આ કામ ચાલે છે. ગામના તલાટી, સર્વેયરની ટીમ દ્વારા સ્થળ પર જઇને પ્રત્યેક મિલકતની માપણી થાય છે અને સ્થળ પર કબજો કોનો છે. ગ્રા.પં. આકારણી પ્રમાણે રહેણાક કરે છે એ જ વ્યક્તિ છે, આ બધી જ ખરાઇ કર્યા બાદ દસ્ક ચોક્સી કરી પ્રમોલગેશન બાદ પ્રોપર્ટીકાર્ડ બને છે.

ડિસેમ્બરના અંત સુધીમાં મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાની તૈયારી છે. ભવિષ્યમાં ગ્રામ્ય અરજદારોને પોતાની મિલકતોના મહત્ત્વના આધાર પ્રાપ્ત થશે.

ઓનલાઇન ક્યાં જોવા મળશે આ બાબતે માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે, ગ્રામ સુવિધા પોર્ટલ પર અને એન.ઇ.આર.ઓ.આર.માં ૭/૧૨ના ઉતારાનીજેમ આધાર જોવા મળશે ઉપરાંત પ્રિન્ટ પણ મળી શકશે.

ભારતીય સ્ટાન્ડર્ડ શાખાના દરોડા

આ બંને એકમમાંથી નકલી માર્કાવાળું પ્લાયવૂડ જપ્ત કરાયું હતું.ભારતીય સ્ટાન્ડર્ડ શાખાએ પ્રસિધ્ધ કરેલી એક યાદીમાં જણાવ્યું હતું કે, બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડસ એક્ટ ૨૦૧૬ની કલમ ૧૭ (૩)ના ઉલ્લંઘન કરવા બદલ તેમજ બ્યુરોના લાઇસન્સ વિના વેચાણ, પ્રદર્શન અથવા વેચાણની ઓફર કરનાર કોઈપણ સામે પગલાં લેવામાં આવશે. આ ગુના માટે બે વર્ષ સુધીની કેદ અને રૂા. ૨ લાખનો નાણાકીય દંડ અથવા બંનેની જોગવાઈ છે. ઉત્પાદકો દ્વારા સામાન્ય રીતે જાહેર જનતાને છેતરવા માટે જરૂરી પરવાના વિના આઈએસઆઇ માર્ક લગાડી સામગ્રીનું વેચાણ કરાય છે. પરિણામે કોઈપણ સામગ્રીની ખરીદીમાં સાવચેતી રાખવા અને નિયમોનું ઉલ્લંઘન થતું હોય તો ભારતીય સ્ટાન્ડર્ડ શાખાનાં સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

સરાય રોહિલા ટ્રેન ઋષિકેશ

૨૦ ડબાલ ૪૫ ગિનિટમાં પહોંચશે. હેડક્વાર્ટરમાં ચીફ પેસે-જર ટ્રાફિક મેનેજર દ્વારા ગત તા. ૧૪-૦ા રેલવે બોર્ડને દરખાસ્ત કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છથી હરિદ્વાર જનારા પ્રવાસીઓને એક્માત્ર અમદાવાદ યોગા એક્સપ્રેસ ઉપર જ આધાર રાખવો પડે છે. યોગા એક્સપ્રેસમાં રિઝર્વેશન ખુલતાંની સાથે જ વેઇટિંગના પાટિયા ઝૂલતા હોય છે. આખું વર્ષ આવી જ સ્થિતિ હોય છે ત્યારે દિવાળી કે ઉનાળુ વેકેશનમાં સમયમાં આ ટ્રેનમાં ટિકિટ કન્ફર્મ મળે તેવો વિચાર જ ન કરી શકાય. રાજક